# માતૃભાષા

આવો આપણે સાથે મળી માતૃભાષાને બિરદાવીએ

ભાષા સંસ્કૃતિનો પ્રાણ છે

No. 50 - April 2009 | **MATRUBHASHA** | Language – Gujarati

(Australia's First and Only Gujarati magazine, First published : January 2001)

અંક નંબર ૫૦ - એપ્રિલ ૨૦૦૯ | માનદ તંત્રી - પ્રવીણ વાઘાણી | કિંમત: જેવો જેનો ભાષાપ્રેમ

## મંદીમાં ટકી રહેવા અડબાઉ (weed) બનો



એક સાધારણ માણસ સમજી શકે તેવી ભાષામાં કહીએ તો હાલની મંદી એટલે જગતની ફક્ત અર્ધો ડઝન બેન્કોએ તેમને વિશ્વાસે સોંપેલા નાણા જગતના અર્ધો કરોડ અવિશ્વાસુ લોકોને લ્હાણી કરી જેને કારણે જગતના અર્ધો ડઝન અબજ લોકો નાણાની ભીસમાં આવી પડ્યા.

બેંકમાં નાણા કોણ જમા કરે છે ? મોટે ભાગે નોકરિયાત લોકો કે નાના પાયા પરના ધંધાદારી કે કારીગરો જેઓ મહેનત કરી પરસેવો પાડી બીજાની ચાકરી કરી કે નાનો વ્યાપાર કરી થોડી કમાણી કરે છે, તેમાંથી કરકસર કરી, પોતાની જરૂરિયાતોને અંકુશમાં રાખી, 'અણધારી મુસિબતના દિવસોમાં કામ લાગશે' એમ વિચારી થોડા પૈસા બચાવે છે. અર્થશાસ્ત્રીઓ તેમને સમજાવે છે કે આવા પૈસાને સાચવીને મૂકવાની સૌથી સલામત જગ્યા 'બેંક' છે. બેંક પર વિશ્વાસ કરાય, તે તમારા પૈસાનું જીવની જેમ જતન કરશે અને ઉપરથી તમને થોડુ વ્યાજ પણ આપશે. હા, બેંક થોડુંક જ વ્યાજ આપે છે. એટલું થોડુ કે વાર્ષિક ફુગાવાને કારણે આ બચાવેલા અને બેંકમાં જમા કરેલા પૈસાની ખરીદશક્તિ ઘટી જાય તેના વળતર પૂરતું પણ નહી ! પણ તમારે સંતોષ માનવો રહ્યો જ, એમ વિચારીને કે આખરે તમારા મૂળ પૈસા તો સલામત છે !

બેંકને પોતાના કાર્યકરોને પગાર આપવા પૈસા જોઈએ, ઓફિસ રાખવાના ખર્ચ માટે પૈસા જોઈએ, નાણા જમા કરનાર ખાતેદારોને વ્યાજ આપવાના પૈસા જોઈએ અને ઉપરથી થોડો (ઘણીવાર ઝાઝો) નફો પણ કરવો જોઈએ. અને એ બધા પૈસા મેળવવા માટે તે 'વધારે વ્યાજે' પૈસા બીજાને ધીરે. એટલે તમે જમા કરેલા પૈસા તો બેંકને 'હાથમાં લીધેલા ગરમ બાફેલા બટેટા(હોટ પોટેટો)' જેવા ગરમ લાગે અને હાથ દાઝી ન જાય તે માટે જેમ બને તેટલી ત્વરાથી તે બીજાને ઉધાર આપવા તત્પર હોય છે.

બેંક પૈસા ઉધાર આપતી વખતે ઉધાર લેનાર પાસેથી તેની કોઈ માલમિલકત પોતાની પાસે 'ગીરો' રાખે જેથી ઉધાર લેનાર વ્યક્તિ જો પૈસા ન આપી શકે તો તેની મિલકત વેચીને બેંક પોતાના પૈસા પાછા મેળવી લે.

ધીરેલા નાણા ઉપર વ્યાજ લેવા ઉપરાંત બેંકોને વધારાની કમાણી કરવાનો એક અગત્યનો રસ્તો છે અને તે છે તેમની 'ફી'. બેંકનું કામ એક પાસેથી નાણા ઉધાર લઈને બીજાને ધીરવા. અને એને લગતા બધી જાતના કામ માટે તે નાની મોટી ફી લઈ લે. સાદી ભાષામાં તમે બેંકમાં પૈસા જમા કરો તેના પર તે વ્યાજ આપે પણ પછી તે વ્યાજનો હિસાબ રાખવાની મહેનતાણા તરીકે તમારી પાસેથી અનેક પ્રકારની ફી લે અને એમ કરી તમને આપવાના વ્યાજમાંથી થોડો ભાગ પાછો લઈ લે.

આવી બધી ગણતરી અને તેને લગતા નિયમોનું પાલન કરીને વ્યવહાર થતો હોય ત્યાં સુધી તો ઠીક છે. પણ હરિફાઈમાં ઘણીવાર નિયમો અને નીતિના ધોરણો અભેરાઈ પર ચડાવી દેવાય છે. બેંક પાસે પૈસા બહુ જમા થવા લાગે તો તેણે ઉધાર લેનારને પોતાની તરફ ખેંચવા માટે બીજી બેંકોની હરિફાઈમાં ઓછા વ્યાજે વધારે નાણા આપવાની તૈયારી બતાવવી પડે. સાધારણ નિયમ પ્રમાણે મિલકતને જોઈ તેની કિંમતની નિષ્ણાત પાસે આકારણી કરાવી તે કિંમતના ફક્ત ૭૫ ટકા સુધી જ નાણા ધીરવા સલામત કહેવાય કે જેથી કોઈ કારણસર મિલકતની કિંમત પચીસ ટકા સુધી ઘટી જાય તો પણ તે વેચીને બેંક પોતાના પૈસા પૂરા મેળવી શકે. નાણા ઉધાર લેનારની માસિક હપ્તા ભરવાની ત્રેવડ પણ ચકાસવામાં આવતી.

પણ હરિફાઈમાં નિયમોને કોઈ ખાડામાં દાટી દઈને પછી આડેધડ પૈસાની લ્હાણી કરવામાં આવી. બેંકમાં પૈસા એટલા બધા જમા થતા હતા કે તેને ઉધાર લઈ જવા માટે બેંક સામેથી લોકોને કાગળો લખી કે એજન્ટો મારફત ફોન કરાવી લલચાવતી હતી. મિલકતની આકારણી કર્યા વગર તેના સો ટકા કે સવાસો ટકા જેટલી રકમ ઉધાર અપાતી અને લેનારની આવકનું ઠેકાણું છે કે નહિ તે પણ જોવાનું ટાળ્યું. પછી શું થાય ? સોના માલના બેંકે સવાસો ઉધાર આપ્યા હોય તો ક્યો મૂર્ખો પૈસા બેંકને આપવા જાય. તેને બદલે મિલકત સોંપી દીધી. બેંકમા પૈસા જમા થવાને બદલે મિલકતો જમા થવા લાગી. બેંક ક્યાં રાખે ? મિલકતોની હરાજી થવા લાગી. પણ લેવાવાળા મળે તો ને ? અમેરિકાના એક ગામમાં બે લાખનું ઘર બસોમાં વેચાણું. સમાચાર સાંભળીને ઓસ્ટ્રેલિયાથી લોકો ગયા અને ઘણાએ પાંચ લાખનું મકાન હરાજીમાં પાંચસોમાં ખરીદ્યું.

બેંકો ફડચામાં ગઈ. લોકોએ મહામહેનતે બચાવેલા પૈસા ગુમાવ્યા. લોકો પાસે જીવનજરૂરિયાતની વસ્તુઓ ખરીદવાના પૈસા પણ ન રહ્યા. કારખાનાઓ બંધ થવા લાગ્યા. એક પછી એક સરકારો મંદીને રોકવાના ઉપાયો શોધવા લાગી, પણ જેમ વાવાઝોડામાં વરસાદથી રક્ષણ આપવાને બદલે છત્રી કાગડો થઈ જાય તેમ તેમના બધા પ્રયાસો નાકાબયાબ નીવડ્યા. પહેલાં અમેરિકા પર અને પછી આખા જગત પર મંદીનું મોજું ફરી વળ્યું. અને તેમાં તમારા મારા જેવા પ્રમાણિક માણસો પણ ડૂબવા લાગ્યા. જેમનામાં ફૂનેહ હતી તેઓ એક ખૂણામાં સલામત ભરાઈ બેઠા પણ જેમને બહાર નીકળવાનો, તરી જવાનો કોઈ રસ્તો ન દેખાયો તેઓ ડૂબ્યા કે આપઘાતનો ટૂંકો રસ્તો પણ અપનાવ્યો. પણ બધાએ એમ કરવાની જરૂર ન હોય. મંદીમાં પણ રસ્તો નીકળી શકે.

દુબઈ જેવા રણપ્રદેશથી ઘેરાયેલાં શહેરમાં ગરમી ઘણી હોય છે (ઉનાળામાં દરરોજ ૫૦ ડીગ્રી સેન્ટીગ્રેડ)અને વરસાદ નજીવો એટલે કે વરસના સરેરાશ ત્રણ ઈંચ જેટલો માંડ પડે. સાત દાયકા પહેલાં જ્યાં પગ મૂકવાનું પણ મન ન થાય એ દુબઈ અત્યારે વિશ્વનું સૌથી ઝડપથી વિકસી રહેલું શહેર બની રહ્યું છે. મોટા અને ભવ્ય શોપીંગ સેન્ટરો, હોટેલ અને રહેઠાણના બહુમાળી મકાનો, મેટ્રો ટ્રેઈન સિસ્ટીમ, ઉદ્યાનો, વગેરેના બાંધકામથી શહેર ધમધમી રહ્યું છે.

પણ આ બધી પ્રવૃત્તિની વચ્ચે, હમણાંજ તાજેતરમાં બંધાયેલી એક દિવાલના મૂળ ભાગમાં મેં એક લીલો છોડ જોયો. એના પર ત્રણ પીળા ફૂલ પણ ચમકી રહ્યા હતા. તેના લીલા મોટા પાન પર પણ ચળકાટ હતો. આમ તો આ ફૂલછોડ જંગલી એટલે કે અડબાઉમાં જ ગણાય. કોઈ બગીચામાં તેને વાવીને ઉછેરવામાં ન જ આવે. ઉલટાનું આ રીતે ઊગ્યું હોય તો માળી તેને ઉખેડીને ફેંકી જ દે. અને તો પણ તે કોઈની સહાય વગર, કોઈની માવજત વગર, વરસાદના પાણી વગર પણ ઊગે છે, ઉછરે છે અને સુશોભિત ફૂલો પણ તેના પર થાય છે. તેને પાણી પાવાની જરૂર નથી પડતી. હવામાં જે થોડોઘણો ભેજ હોય તે તેના પાંદડાં સોશી લઈને તે પાણીનો ઉપયોગ કરે છે. આ પાંદડા થોડાથી ચલાવી લઈ વધારાનું પાણી આપી છોડને મજબૂત થઈ પાંગરવામાં મદદ કરે છે અને છેવટે નાના શીશુ જેવા સુશોભિત ફૂલોને પણ જન્મ આપી તેમને પોષણ આપે છે.

કુદરત એક નાના છોડને આટલી મદદ કરે છે તો તેના સર્વોત્તમ સર્જન જેવા માણસને શું તે મદદ ન કરી શકે ? માણસ જો પોતાની બુદ્ધિનો સદુપયોગ કરે, એક અડબાઉ જેવી જીવનશૈલી અપનાવે, તો ગમે તેવા કપરા સંજોગોમાં પણ તે માર્ગ કાઢીને આગળ વધી શકે, પ્રગતિ કરી શકે એમાં શંકાને જરા પણ સ્થાન નથી. તમે ઘણું ગુમાવ્યું હોય તો પણ તમે તમારી જાતને નથી ગુમાવી એટલી એક શ્રદ્ધા મનમાં રાખો તો ઘણું બધું મેળવવાની શક્તિ ધરાવો છો. હું એક માણસને ઓળખું છું જેની કરોડોની સંપત્તિ આગમાં બળીને ભસ્મીભૂત થઈ ગયેલી. તે સમયે વીમો ઉતરાવવાનો રિવાજ નહોતો. એક ખૂણામાં કાપડનાં પાંચદશ તાકા સારા રહેલા. તેણે તેને ઈશ્વરનો સંકેત માન્યો. તેમાંથી વેપાર કરીને થોડા જ વર્ષોમાં તેણે લગભગ બધું પાછું મેળવી લીધું. એમ માનો કે તેણે **હવામાંથી પણ ભેજ મેળવી લેવાની એક અડબાઉની આવડતથી પુરુષાર્થ કર્યો !**

Publication: MATRUBHASHA
(Bimonthly)
Language : Gujarati (Indian)
પ્રકાશન ઃ **માતૃભાષા** (શુદ્ધ ગુજરાતીમાં લખાયેલું દ્વીમાસી સામયિક)
માનદ તંત્રી અને પ્રકાશક ઃ પ્રવીણ વાઘાણી
Correspondence and articles to:
The Honorary Editor
(Pravin Vaghani)
4 Fiona crt, Glen Waverley
Vic 3150 (Australia)
Email: pvaghani@hotmail.com
ઈન્ટરનેટ પર પ્રસિદ્ધ થયેલ કૃતિ મોકલશો નહિ, છપાયેલી કૃતિ માટે કંઈ પુરસ્કાર અપાશે નહીં.
Disclaimer: Views expressed in the articles are of the contributors, writers, only. No responsibility is accepted by the honorary editor.

**No Subscriptions:**
MATRUBHASHA can now be viewed on Shri Ratilal Chandaria's Gujarati dictionary website www.gujaratilexicon.com and also on www.gav.org.au

Printed edition will be continued to be sent to those who have already subscribed. But after their subscription has expired, they are requested not to send any renewal., but view MATRUBHASHA on the abovementioned website.

# ગુંજન

## ⌘ જિંદગીને ⌘

**યોસેફ મેકવાન**

આશ્લેષમાં જકડી લીધ પ્રગાઢ, એવી
ઢંઢોળતો, પણ નહિ લવભાન, અંગે
સોળે સજેલ શણગાર, સવાર જેવી
વ્યાપી જતી નયનમાં ચડતો નશો, ને
ચૂમી લઉં, શ્વસનમાં ધબકાર એક
થાયે ન થાયે બસ ત્યાં શિર ઢાળી દેતી
મારા ખભે, પકડી બાહુ સમીપ લાવું.
ઘેરાયેલાં નયન અર્ધા બીડાયેલાં શાં !
બેસાડતો, ઢળી પડે, કરું સ્પર્શ, ઘેરો
હુંકાર દે, ધસધસાટ પછી, જગાડું
ચૂમું, દઈ થપકી ગાલ પર વહાલ
વેરું ! વળી હચમચાવી દઉં ! છતાંય
આળોટતી નયનમાં મુજ, ઘેન કેવું !
ડંકા સરે, સમય શો સરકે ધસાઈ
ગાઢી બની ગઈ હવે મુજ આ સગાઈ.

## ⌘ અજાણ્યા શહેરમાં આવ્યા ⌘

**પાર્થ મહાબાહુ**

બરફની જેમ ઓગળતા અજાણ્યા શહેરમાં આવ્યા
ચરૂની જેમ ઊકળતા અજાણ્યા શહેરમાં આવ્યા
સૂરજ ધોળા દિવે અંજાય એવા પેંતરા રૂપે
દીવો પેટાવી નીકળતા અજાણ્યા શહેરમાં આવ્યા
મજાની ઓથમાં પીડા, ફૂલોની સોડમાં કાંટા
સુખેથી લોહી નીગળતા અજાણ્યા શહેરમાં આવ્યા
કથાઓ સ્વપ્ન નીતરતી ને ઝીણાં ગીત ઝરણાના
છબિ પાસેથી સાંભળતાં અજાણ્યા શહેરમાં આવ્યા.

## ⌘ ટર્ન ⌘

**પ્રવીણ પટેલ 'શશી' અમેરિકા**

વસંત કેરા વાયરા વાતા,
ને સ્નોની વર્ષા પણ થતી
ઠંડી પૂછે ઉષ્માને ધીમે,
કહે સખી, છે ને આ કુદરતની કમાલ?
કમાલમાં ધમાલ ભળે
ને પાન પહેલાં તો ફૂલ આવે
નેણ પૂછે દષ્ટિને જરા,
શું છે આ, ભ્રમ, સત્ય કે સ્વપ્ન?
સ્વપ્ન શુ આ જગત,
ને છતે દીવે અંધારું દિસે
અંતર પૂછે ઈશને ખૂલ્લે,
હું તારો, તો, મુને તું કેમ દિખતો નથી?
નથીને પામવાનો નશો,
ને છલાંગે ઈચ્છા ગગને
ઉદર પૂછે ગુંદરને સિસકી,
ચોંટયો, કાં ના સમજ્યો જગત ફેરો ?
ફેરો પડ્યો ફેરી કરીને,
ને ફેરિયો ધનીરામ બની બેઠો
ધણી પૂછે મણીને જરી,
બતાવ, હરણની સીતા ક્યારે બની ?
બની છે મસ્ત મહિલી,
ને માંડી ઈશ્ક-આશિકી
મોહ પૂછે માયાને લળી,
ભેળપૂરી, આ જ શું પ્રેમકહાણી ?

(૧લી એપ્રિલે ન્યૂ યોર્કમાં વસંતની શરૂઆત થઈ ત્યારે વસંતિ વાયરા વાવાને બદલે ત્યાં સ્નોની વર્ષા થયેલી. એ વિચારથી પ્રવીણભાઈએ આ કાવ્ય લખેલ છે. તે દિવસે રાજકોટમાં ઉષ્ણતામાન ૪૧ ડીગ્રી પહોંચેલું.)

## ⌘ ક્યાં છે ? ⌘

**વિનય કવિ, યુકે**

માધુરી દીક્ષિત સમી પાતળી કમર ક્યાં છે ?
ને શ્રીદેવીના જેવી તીરછી નજર ક્યાં છે ?
માન્યું, છો રૂપાળા ને નખરાળા તમે પરંતુ,
જૂહી ચાવલા જેવું ફાઈન ફીગર ક્યાં છે ?
ઠીક છે આ બધા 'લવ યુ લવ યુ'ના લવારા
તારા મારા મનને જોડી દે એ ગુંદર ક્યાં છે ?
ડરતો નથી હું લગીરે છતાં પ્લીઝ કે'ને
ગબ્બર ડેડી તારો ને દુનદુન મધર ક્યાં છે ?
મનાવી લઉં હું દરવાનને દઈને કટકી,
પણ વાઘ જેવો એ કૂતરો રોવર ક્યાં છે ?
કોણ કોના સાથમાં ડિસ્કોના ફ્લોર પર,
ક્યાં છે મારી ડાર્લીંગ ને તારો ડિયર ક્યાં છે ?
કહે છે શાદી તો કરી લઉં તુજથી પરંતુ,
તું રહ્યો શાયર, પૈસેટકે સદ્ધર ક્યાં છે ?
અને મેલ ઊંચી માધુરી-શ્રીદેવીની વાતો,
વિણ મેકઅપના લપેડાએ સુંદર ક્યાં છે ?

કેરીમાં સી.સી.
કેસર બની ફીકી,
આંબા હસે !
(સી.સી. - કેલ્સિયમ કાર્બાઈડ, કેરી, કેળાં અને પપૈયાને કૃત્રિમ રીતે પકાવવા માટે વપરાતું એક ઝેરી રસાયણ. તેનાથી કેન્સર થાય છે.)

## ⌘ તું ⌘

**સુધાકર હરિહર ભટ્ટ અમેરિકા**

તન ખ્વાબમાં તુજ જોયું
મન સંગમાં તુજ મોહ્યું
કરી ઈશ્ક તુજ સંગ
દિલ સંગમાં તુજ ખોયું.
ખ્વાબમહીં જે જોયું
નથી કદી તે ખોયું
હરદમ મેં જે જાણ્યું
ભવભવમાં ખ્વાબ એ માણ્યું.
નથી કંઈ પણ કપરું
દિલ મુજ કેમ કેળવવું
નથી કંઈ પણ અઘરું
દિલ તુજ કેમ મેળવવું ?
પ્રભુ ! જો તારે સાંભળવું
તો માત્ર મારે વિનવવું
"માગું છુ ભવભવમાં
દિલ તેનું છે મેળવવું."

## ⌘ પરિમલ ⌘

**ચંદ્રકાન્ત દેસાઈ, અમેરિકા**

ફૂલની મૂડી
આ ફૂલની મૂડી
ચોગમ ઝટપટ જાય રે ઊડી. . .
કુંજની કેડીએ ઝૂલતી ડાળે,
કુંજન બહારે, કુંજ વચાળે,
જાય ઢોળાતી, કોઈથી ઝીલાતી,
રંગબેરંગી રસની કુંડી. . .
વાયુની વહેલે યાતરા ખેડે,
પંથી ઉરે જામ પ્રીતના રેડે,
વણસુણાતી, વણદેખાતી
તોય કળાતી એ વાંસળી રૂડી. . .
જાણે એ શ્યામને શોધતી રાધા
બ્હાવરી ખૂંદતી આભ અગાધા,
પીયુને પકડી પાડવા, મારે
અંતર ઉતરે ઊંડી રે ઊંડી
ફૂલની મૂડી આ ફૂલની મૂડી.

## ⌘ સંશોધન છે ... નક્કી ⌘

**સાંઈરામ દવે**

ભૂખનું એ ભજન છે ... નક્કી
માણસ સંશોધન છે ... નક્કી
જીભડી એની દારૂગોળો
માણસ મશીનગન છે ... નક્કી
બૈરી, છોકરાં, રૂપીઆ, ઘર
માણસ તો બંધન છે ... નક્કી
ક્યારેક ડાકુ, ક્યારેક સાધુ,
માણસને વંદન છે ... નક્કી
પ્રેમ, અહિંસા, નિષ્ઠા ચોરે,
માણસ વિરપ્પન છે ... નક્કી
વાતવાતમાં ઝઘડે રઝળે,
માણસ આંદોલન છે ... નક્કી
સાંઈ જેમાં કોઈ રહે ના,
માણસ ઉજ્જડ વન છે ... નક્કી

ચડી દાદર એકશ્વાસે
ગયો હાંફી,
ગગન હસે !

## જીવન નાટક

નીલમ એચ દોશી

'ગમતાનો ગુલાલ' બાળનાટકો.

પાત્રો ઃ

અવિનાશભાઈ ઃ પપ્પા, તન્વીબહેન ઃ મમ્મી, જૂઈ ઃ પુત્રી, ઉંમર વર્ષ ૧૩

ડો. શાહ ઃ ફેમિલી ડોક્ટર, ચિંતન ઃ જૂઈનો મિત્ર

### દૃશ્ય ૧

(સ્થળ ઃ અવિનાશભાઈનું દીવાનખાનું, શ્રીમંત પરિવારનો આધુનિક રૂમ)

જૂઈ ઃ (દોડતી આવે છે, હાથમાં ત્રણ મેડલ છે) પપ્પા !

પપ્પા ઃ ઓહ જૂઈ બેટા, આવી ગઈ કે ? અમે તારી જ રાહ જોતાં હતાં.

મમ્મી ઃ મારી દીકરી કેટલા મેડલ જીતી લાવી ?

જૂઈ ઃ રાબેતા મુજબ. એક સ્ટડિ પ્રાઈઝ તો ખરું જ. એક બેડમિન્ટનમાં અને એક વક્તૃત્વ સ્પર્ધામાં.

પપ્પા ઃ અમને તારે માટે ગર્વ છે, બેટા. અમારે તો દીકરી ગણો કે દીકરો, તું જ છે !

જૂઈ ઃ પપ્પા, આજે તો મારે તમને ચેસમાં પણ હરાવવા છે હો ! ચાલો, આજે મારી સાથે ચેસ રમવું જ પડશે, અને મમ્મી તું અમારી અમ્પાયર, પપ્પા ચીટીંગ ન કરે એ જોવાનું કામ તારું !

પપ્પા ઃ અરે બેટા, દીકરી સાથે તો હારવામાં યે તારા પપ્પા આનંદ અનુભવશે. પણ બેટા, તું પહેલાં નાસ્તો તો કરી લે. થાકી ગઈ હોઈશ.

જૂઈ ઃ નાસ્તો મમ્મી અહીં જ લેતી આવશે. આપણે સાથે ખાતાં જશું ને રમતાં જશું. મમ્મી, આજે તારું પેલું ફેવરિટ ગીત તો સંભળાવ, 'દીકરી તુલસીક્યારા'વાળુ.

મમ્મી ઃ અત્યારે ? પણ. . .

જૂઈ ઃ હા, અત્યારે જ ! તું જ નથી કહેતી, 'કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ' તો ચલ, થઈ જાય શરૂ.

મમ્મી ઃ એટલે 'મેરી બીલ્લી મુજસે મ્યાંઉ'

પપ્પા ઃ હા, આજે જૂઈ આટલા મેડલ જીતી આવી છે તો એની ફરમાઈશ તો પૂરી કરવી જોઈએ ને ?

જૂઈ ઃ આજે એટલે ? પપ્પા, તમે કહેવા શું માગો છો ? કંઈ પહેલીવાર મેડલ નથી મળ્યા, હોં !

પપ્પા ઃ અરે મારા કહેવાનો અર્થ એવો થોડો જ હતો ? મને ખબર છે, મારી દીકરી જે પણ હરિફાઈમાં ભાગ લે છે તેમાં જીતીને જ આવે છે.

જૂઈ ઃ (હસીને)પપ્પા માખણ લગાડવામાં ઉસ્તદ છે, નહીં ? અને મમ્મી, તમે આમ આડી વાતોએ ચડાવીને મારું ગીત નહીં ભુલાવી શકો !

મમ્મી ઃ તું જીતી ને હું હારી. (મમ્મી ગીત ગાવાનું શરૂ કરે છે)

પીઠી ચોળી લાડકડી !
ચૂંદડી ઓઢી લાડકડી !
ચૂંદડીએ ધબકારા ઢાંક્યા
ને કરમાં સોંપ્યા લાડકડી !
મીઠી આવી લાડકડી
કેમ કહું જાઓ લાડકડી ?
તું શાની સાપનો ભારો ?
તું તુલસીનો ક્યારો લાડકડી !

પપ્પા ઃ બસ, તન્વી હવે. આગળ નથી સાંભળવું. મારો આ તુલસી ક્યારો મારાથી ક્યારેય દૂર જાય એ મારે નથી સાંભળવું (ભાવવિભોર થઈ જાય છે)

જૂઈ ઃ ઓકે, ઓકે. પપ્પા, હું તમને છોડીને કયારેય ક્યાંય નથી જવાની. ચાલો, મમ્મી તું નાસ્તો લેતી આવ. હું ને પપ્પા ચેસ શરૂ કરીએ છીએ.(મમ્મી અંદર જાય છે. બંને ચેસનાં મ્હોરાં ગોઠવે છે. રમત શરૂ કરે છે. બંને મગ્ન બની રમે છે. રમત બરાબર જામે છે. ત્યાં અચાનક જૂઈને ચક્કર આવવા જેવું થાય છે. માથું પકડી જૂઈ બોલે છે)

જૂઈ ઃ ઓહ, પપ્પા, મને સખત ચક્કર આવે છે. હું નહિ રમી શકું. હાલમાં ઘણીવાર મને આવું થાય છે.

મમ્મી ઃ (આવે છે ને સાંભળે છે)હા, હમણાં જૂઈ થાકી પણ બહુ જાય છે. તેથી જ હું ના પાડતી હતી કે એકી સાથે આટલી બધી પ્રવૃત્તિઓમાં ભાગ ન લે.

પપ્પા ઃ પણ મને કહ્યું કેમ નહીં ?

મમ્મી ઃ મને એમ કે. . .(જૂઈ ત્યાં જ માથું પકડી સૂઈ જાય છે. બેભાન થઈ જાય છે) અરે, શું થયું મારી જૂઈને ? તમે જલદી ડોક્ટરને ફોન તો કરો! (પપ્પા એના ફેમિલી ડોક્ટર ડો. શાહને ફોન કરે છે)

ડો. શાહ ઃ (પ્રવેશે છે) અરે, મારી જૂઈની કળીને શું થઈ ગયું ? હું આવી ગયો છું. (જૂઈને તપાસે છે. મોં પર થોડી ચિંતાની રેખા આવે છે.) મને લાગે છે કે થોડા ટેસ્ટ કરાવવા પડશે. ચિંતા કરશો નહિ.

### દૃશ્ય ૨

(કેલેન્ડરનાં પાનાં ફરે છે. અઠવાડિયા પછીનો સમય. દીવાનખાનામાં મમ્મી વ્યગ્રતાથી આંટા મારે છે ને ગીત ગણગણે છે.)

"બેટા, તારી આંખમાં ઝળકે સૂરજ-સોમ
આંગળીઓના ટેરવે વસજો આખું વ્યોમ
બેટા, તારી પાનીથી ઝરજો કુમકુમ રંગ,
તારા બંને હોઠ પર રહેજો હાસ્ય અભંગ
બેટા, તું અમ બાગનો મઘમઘતો છે છોડ,
જગજનની પૂરી રહો તારા સઘળા કોડ"

(ત્યાં અવિનાશ આવે છે. તેને જોઈને તન્વી દોડે છે. બેબાકળી થઈને પૂછે છે)

તન્વી ઃ આવી ગયા, જૂઈના રિપોર્ટ ?

અવિનાશ ઃ પૂછ નહીં, તન્વી, તું મને કશું જ ન પૂછ.

તન્વી ઃ અરે, પણ તમે આમ ઢીલા કેમ થઈ ગયા ? સાચું કહો, મને આજે સવારથી ખરાબ વિચારો જ આવ્યા કરે છે. અતિ સ્નેહ હંમેશાં અનિષ્ટની જ શંકા કરે છે એમ વિચારીને મનને મનાવતી રહી છું પણ મને જલદી કહો, શું રિપોર્ટ આવ્યો છે ?

અવિનાશ ઃ તન્વી, આપણા કમનસીબે અનિષ્ટની એ શંકા સત્ય બનીને સામે ઊભી છે. આપણા આંગણામાં ખીલું ખીલું થતી જૂઈની કળી. . .

તન્વી ઃ તમે શું કહો છો ? મને કંઈ સમજાતું નથી. (વ્યગ્રતાથી અવિનાશને હચમચાવે છે) શું થયું છે આપણી જૂઈને ? શું થયું છે ?

અવિનાશ ઃ શું કહું તને ? તન્વી, આપણી. .આપણી જૂઈને. .બોન કેન્સર એટલે કે હાડકાનું કેન્સર છે. એડવાન્સ સ્ટેજમાં. અને તેનો કોઈ જ ઈલાજ નથી. ચાર છ મહિનાની જિંદગી બચી છે આપણી જૂઈ પાસે !

તન્વી ઃ (ઉશ્કેરાઈને)નહીં, નહીં, તમે કહી દો આ બધું ખોટું છે. આ રિપોર્ટમાં કાંઈક ભૂલ છે. મારી જૂઈ તો હજુ ખીલી રહી છે. ના, ના, આવું ના બની શકે, કદી નહીં (રડે છે)

અવિનાશ ઃ અરે, આઠ, આઠ દિવસથી અનેક ડોક્ટરો પાસે ફરી વળ્યો. બધું જ કન્ફર્મ કરાવ્યું, પણ. .કોઈ ડોક્ટરે શંકાનું સુખ પણ ન રહેવા દીધું, તન્વી, હું શું કરું. . .શું કરું ? (આંટા માર્યા કરે છે)

તન્વી ઃ (રડતાં રડતાં)નહીં, નહીં, મારી લાડલીને હું મૃત્યુ સમીપ જતી નહીં જોઈ શકું. મારા અસ્તિત્વમાંથી જેનું સર્જન થયું છે, તેનું મારી જ નજર સમક્ષ, મારી પહેલાં વિસર્જન નહીં સહન કરી શકું. કુદરત આટલી કઠોર, ક્રૂર મારી સાથે જ શા માટે ? બોલે તો ફૂલ ઝરે ને હસે તો મોતી વેરાય, એવી મારી લાડલીને હું મૃત્યુની સમીપ જતી કેમ જોઈ શકું ?

અવિનાશ ઃ (ઊઠે છે મક્કમતાથી) તન્વી, આપણે આ અભિષાપ પણ સ્વીકારવો જ રહ્યો. જો, જૂઈનો આવવાનો સમય થઈ ગયો છે. તેને આ વાતનો બિલકુલ અણસાર સુદ્ધાં ન આવવો જોઈએ. નહિતર તે ક્ષણે ક્ષણે મરતી રહેશે. આપણે તો તેને છેલ્લે સુધી હસતી રાખવી છે. તેની બાકી રહેલી જિંદગીના દિવસો હાસ્યથી સભર રહે તેવું તું નથી ઈચ્છતી ?

તન્વી ઃ દુનિયાની કઈ મા એવું ન ઈચ્છે. પણ. .પણ. .આ વેદના,આ સંતાપ એનાથી કેમ સંતાડી શકાશે ?

અવિનાશ ઃ એ કરવું જ રહ્યું, તન્વી. આપણે એ કરવું જ રહ્યું. તેના સુખ માટે આપણે એ ભોગ આપવાનો છે. બોલ, આપી શકીશ એ ભોગ ? સંતાડી શકીશ આંસુને ? (ગળગળા થઈ જાય છે)

તન્વી ઃ હા, કઠોર બનીને હાસ્યની પાછળ હૃદયની બધી જ સંવેદનાઓ. . . .વેદનાઓને સંતાડીને પુત્રીને હું અંતિમ શ્વાસ સુધી હસતી જ રાખીશ. રડવાનું તો પછી જિંદગી આખી છે જ ને ? (રડે છે)

અવિનાશ ઃ તો પછી લૂછી નાખ આ આંસુ. સંતાડી દે એ આંસુને તારા મમતાભર્યા પાલવની નીચે, ને જીવનસંગ્રામનો સામનો કરવા, આપણી જૂઈના બાકી રહેલા દિવસોની એક એક ક્ષણને આનંદથી ભરી દેવા તૈયાર થઈ જઈએ. જૂઈને જો જરાયે વહેમ જશેને તો એને સમજી જતાં વાર નહીં લાગે. (બંને અંદર જાય છે. .સંગીતનો કરુણ સ્વર રેલાય છે.

કોણે વાંચ્યા છે પ્રારબ્ધની કિતાબના ગૂઢ પાનાં ?
હાસ્યની રૂમઝુમ છડીઓની નીચે વહે આંસુઓનાં પૂર છાનામાનાં )

(બારણા પાછળ અત્યાર સુધી છુપાઈને ઊભી રહેલ જૂઈ બહાર આવે છે. તેની આંખમાં આંસુ છે. આંસુમાં તૂટેલ સ્વપ્નાં છે. તે આંટા મારે છે, આંસુ લૂછે છે)

જૂઈ ઃ નહી, નહી રડું હું. મારા મમ્મીપપ્પા મને ઉદાસ જોવા નથી ઈચ્છતા તો હું એમને ઉદાસ કેમ જોઈ શકું ? મમ્મીપપ્પાને કલ્પના પણ નહી આવવા દઉં કે તમારે મને નહોતું જણાવવું એ બધું હું જાણી ચૂકી છું. સાંભળી ચૂકી છું જે તમારે મને નહોતું સાંભળવા દેવું ! નહી, નહી, હું યે બહાદુર માબાપની બહાદુર દીકરી છું. હું ઢીલી નહી પડું. મારા મમ્મીપપ્પા ઈચ્છે છે ને કે હું અંતિમ પળ સુધી હસતી રહું, હા, હું હસતી ને હસાવતી જ રહીશ. તેઓ તેમની રીતે તેમની સુખદ ભ્રમણાનો અભિનય કરતા રહેશે અને હું મારી રીતે. આજથી અમે એકબીજા સામે આનંદનો, સુખનો, ભ્રમણાનો અંચળો ઓઢીને જ રજૂ થઈશું. આમેય જીવન એક રંગમંચ જ છે ને ? ને, કોને, ક્યારે, કેવું પાત્ર ભજવવાનું આવશે તેની કોને ખબર છે ?

## દૃશ્ય ૩

જૂઈ ઃ (સ્વગત) કેટકેટલું ફરી આવ્યા ? સીમલા, મસુરી, નૈનીતાલ ને ક્યાં નહી ? જીવનની પ્રત્યેક પળને મમ્મીપપ્પાએ સભર બનાવી દીધી. મને હસતી જોવા તેઓ શું શું નથી કરી રહ્યાં ? હું કંઈજ નથી કરી શકતી તેમના માટે ! ક્યારેય કંઈ નહી કરી શકું. (ડાયરી ખોલે છે, મોટેથી વાંચે છે)

ખળખળ વહી જતી પળો, કાલે ન પણ મળે.
થઈને ભીના ફરીથી, ફરીથી સુકાઈએ.
ઊગતા સૂરજનો રંગ છે અત્યારે હાથમાં,
મુઠ્ઠી ભરી ભરી બધે તડકો ઉડાડીએ.

વાહ, કેવું સરસ લખ્યું છે. પાનું ફેરવે છે.

હું તો છું પીછું, કાળના પંખીની પાંખનું
સ્પર્શું છું આજ આભને, કાલે ખરી જઈશ.
જિંદગીનો એ જ સાચે સાચો પડઘો છે
હોય ના વ્યક્તિ ને એનું નામ બોલાયા કરે.

વાહ ! મજા આવી ગઈ. જિંદગીમાં બચેલા થોડા દિવસો. હું શું કરું તો મારું જીવન સાર્થક બની જાય ? લાંબે ટૂંકે જિંદગી નથી મપાતી. . .એવું કંઈક સ્કૂલમાં શીખેલ. મારા ક્ષણિક જીવનને હું શાશ્વત કેમ બનાવી શકું ?

(ત્યાં ચિંતન આવે છે. પાડોશમાં રહેતો જૂઈનો મિત્ર, તેની જ ઉંમરનો, અંધ છે)

ચિંતન ઃ જૂઈ, ઓ જૂઈ.

જૂઈ ઃ કોણ ચિંતન, એકલો આવ્યો ?

ચિંતન ઃ એકલો તો જૂઈ, કેમ આવું ? અમારી જિંદગી તો બીજાના સહારે જ દોરાતી રહેવાની. મને એકલો કોણ બહાર નીકળવા દે ? મમ્મી આવી છે. અંદર તારી મમ્મી સાથે બેઠી છે.

જૂઈ ઃ ઓહ, ચિંતન, સોરી. હું યે કેવા ન પૂછવા જેવા પ્રશ્નો પૂછી બેસું છું, નહી ? તને ખરાબ તો નથી લાગ્યું ને ?

ચિંતન ઃ ના રે જૂઈ. તારું તે ખરાબ લાગે ? તને મારા માટે કેટલી લાગણી છે તે હું તારી આંખોમાં ભલે જોઈ ન શકું પણ અનુભવી તો શકું છું.

જૂઈ ઃ દુઃખી ન થા, ચિંતન, દુનિયામાં આપણાથી યે વધારે દુઃખી લોકોની સંખ્યા ઓછી નથી.

ચિંતન ઃ હા, તારી એ વાત પણ ખોટી નથી. એ આશ્વાસન લેવા જેવું ખરું. (ફીક્કું હસે છે)

(અંદરથી બૂમ પડે છે, ચિંતન, ચાલ જઈશું ને ?)

જુઈ, હું જાઉં ? મમ્મી બોલાવે છે.

જુઈ ઃ(વિચારમગ્ન હોય છે) હેં, હા, હા, પાછો આવતો રહેજે હો . (ચિંતન જાય છે)

જુઈ ઃ આ દુનિયા કેવી અજબ છે ? જેને લાંબી જિંદગી કાઢવાની છે એની પાસે દુનિયાને જોવા, જાણવા કે માણવા આંખો નથી ને મારી પાસે આંખો છે તો માણવાનો સમય નથી. કેવો વિરોધાભાસ ? (કંઈક વિચારે છે, આંટા મારે છે, અચાનક બોલે છે) હા, એમ જ. હું મારી આંખો ચિંતનને જ કેમ ન આપી શકું ? એ મારી આંખો વડે દુનિયા જોશે, માણશે. અરે, આ આંખો જ શા માટે ? તે દિવસે શિક્ષક દેહદાન વિષે પણ નહોતા કહેતા ? શરીરનો એક એક ભાગ જે બાળી જ નાખવાનો છે તે કોઈને શા માટે ન આપી શકું ? મારી જિંદગી તો આમે ય પૂરી જ થઈ જવાની છે તો એ નિરર્થક, બુઝાતી જંદગી વડે બીજાના જીવનદીપમાં તેલ પૂરીને તેને કેમ ન ઉજાળી શકું ? હા, હા, એ જ રહેશે મારી ક્ષણિક જિંદગીની શાશ્વતતા. એ જ હશે મારો સંતોષ.

(અંદરથી ડોક્ટરનો અવાજ આવે છે, 'જૂઈ, બેટા')

ડોક્ટર ઃ હેલ્લો જૂઈ, કેમ છો આજે ?

જૂઈ ઃ બહુ જ મજામાં. અંકલ

ડોક્ટર ઃ મમ્મી ક્યાં છે ?

જૂઈ ઃ લાગે છે ન્હાવા ગઈ હશે. (વિચારે છે)

ડોક્ટર ઃ શું વિચારે છે, બેટા ?

જૂઈ ઃ કહું. પણ પહેલાં એક વચન આપો.

ડોક્ટર ઃ વચન ? શાનું ?

જૂઈ ઃ હું કહું તેમ કરવાનું વચન !

ડોક્ટર ઃ તને ક્યારેય કોઈ વાતની ના પાડી છે ખરી ?

જૂઈ ઃ તો પણ, પ્લીઝ, અંકલ.

ડોક્ટર ઃ ઓકે, બસ. હંમેશની માફક તું જીતી. બોલ, શું જોઈએ છે ?

(જૂઈ ધીમે ધીમે ડોક્ટટરને બધું પૂછીને પોતાના મનની ઈચ્છા કહે છે. પ્રેક્ષકને ફક્ત હોઠ ફફડતા દેખાય છે. થોડી અનાકાની, થોડી ચર્ચા પછી લાગે છે કે બંને સંમત થયા છે.)

જુઈ ઃ થેન્ક યુ, ડોક્ટર અંકલ.

ડોક્ટર ઃ બેટા, તેં તો આજે મને હરાવીને જીતી લીધો. મારે શું બોલવું એ જ સમજ નથી પડતી.

મમ્મી ઃ (આવે છે) શેની સમજ નથી પડતી ડોક્ટર સાહેબ ?

જૂઈ ઃ કંઈ જ નથી મમ્મી, એ તો મારી ને અંકલની પર્સનલ મેટર છે. ને મમ્મી, દીકરીની પર્સનલ મેટરમાં બહુ માથું નહિ મારવાનું હોં. (હસે છે) હવે હું મોટી થઈ ગઈ છું ને !

મમ્મી ઃ ઓકે, બેટા, નહી પૂછું, બસ. (આડું જોઈ જાય છે, આંસુ લૂછી નાખે છે)

ડોક્ટર ઃ ચાલ, બેટા જૂઈ, હું જાઉં હવે ?

જૂઈ ઃ બાય અંકલ.

મમ્મી ઃ આજે તો મારી દીકરી ખુશખુશાલ દેખાય છે ને ?

જૂઈ ઃ હેં મમ્મી, આજ તો મને એક વાર્તા કહે ને ! હું નાની હતી તો તું મને કેવી સરસ વાર્તા કહેતી હતી !

મમ્મી ઃ વાર્તા ? અરે, હવે તું વાર્તા સાંભળવા જેવડી થોડી જ છે ?

જૂઈ ઃ ના, ના, મમ્મી, પ્લીઝ, કહેને. તું પેલી ચકાચકીની, વાંદરા ને મગરની, ને શિયાળ સસલાની, પરીઓની, રાક્ષસોની, કેવી સરસ વાર્તાઓ કરતી ને કેવીકેવી રમતો રમાડતી ! અડકો દડકો, દહીં દડુકો (બંને સાથે ગાય છે).

મમ્મી ઃ પીલાં પાકે, શ્રાવણ ગાજે.

જૂઈ ઃ ઉર મૂર ધતુરાનું ફૂલ

મમ્મી ઃ સાકર શેરડી, ખાંડ કે ખજૂર ? (બંને સામસામે તાળી પાડે છે, હસે છે, થોડીવાર રમે છે. બંને પોતપોતાની વ્યથા છુપાવવાનો પ્રયત્ન કરે છે)

પપ્પા ઃ ઓહો, બંને માદીકરી રમો છો કે શું ?

જૂઈ ઃ હા, પપ્પા, આજે અમે અમારી નાનપણની રમતો રમીએ છીએ. તમે યે આવો. આપણે ત્રણે સાથે રમીએ.

પપ્પા ઃ જો, તારી ફેવરિટ કાજુકતરી ને કેડબરી પણ લઈ આવ્યો છું.

જૂઈ ઃ અહં, એમ ન ખાઉં આજે.

પપ્પા ઃ તો કેમ ખાશે મારી દીકરી ?

જૂઈ ઃ નાની હતી ને ખાતી હતી તેમ જ. નાનપણમાં તમે કેમ ખવડાવતા હતા, યાદ છે ને ?

પપ્પા ઃ હા બેટા, એ કેમ ભૂલાય ? તું તો મારી સોનપરી. ચાલ એમ ખવડાવું, બસ ?

( કાજુકતરી હાથમાં લઈ ખવરાવે છે ને ગાય છે, ચાંદા પોળી ઘીમાં ઝબોળી, મારી જુઈના મોંમાં હબુક પોળી. બંને એકબીજાને ખવરાવે છે.)

## દૃશ્ય ૪

(કેલેન્ડરનાં પાનાં ફરતાં રહે છે. છ મહિના પછીનો સમય)

(જૂઈ સૂતી છે. છેલ્લા શ્વાસ લેતી હોય એવું લાગે છે. મમ્મી, પપ્પા, ડોક્ટર, સૌ આસપાસ ઊભા છે.)

મમ્મી ઃ બેટા, શું થાય છે તને ?

(અનુસંધાન પાના ૭ પર)



## એપ્રિલફૂલ'

-પ્રવીણ પટેલ 'શશી', એપ્રિલ

પશ્ચિમના દેશોમાં નિર્ધારિત તારીખે વસંત બેસે છે. ૨૦ માર્ચે વસંત હતી. વસંત બેસી કે બેઠી ? આ સવાલ થાય. બેઠી તો ઉઠાડવી પડે કે કેમ ? ૨૧મીએ **ઈસ્ટર ફ્રાઈડે** હતો. ઈશુને ક્રોસે આ દિવસે ચઢાવાયેલો. આપણી હોળી પણ એજ દિવસે. અસુર હોળિકા બળી ગઈ અને શ્રી હરિ વિષ્ણુનો શરણાર્થી પ્રહ્લાદ બચી ગયો ! ૨૨મી, એ ધુળેટીનો દિવસ. હર્ષોલ્લાસ બન્યો રંગોચ્છવ કે ફૂલદોલોત્સવ. સ્કૂલનાં ગોઠિયા સંગ કેસૂડાનો રંગ અમે બનાવતા, પીચકારીમાં ભરી ખાસ તો છોકરીઓ ઉપર છાંટતાં. ગુલાલ કે ઓઈલ પઈન્ટનો જો કે મને ડર લાગતો. મજાક માજા મૂકે તે ઠીક પણ નથી.

કુદરત પણ ક્યારેક મજાક કરે. જૂઓને વસંતનાં આગમન થયાં, પણ ઠંડી હજી પડે જ છે ને ! અરે, ફ્રિજીંગ રેઈન અને સ્નોએ પણ દેખા દીધી ! આ વચ્ચે ડેફાડલનાં છોડેએ જમીન પાર માથું બહાર કાઢ્યું, ક્યાંક તો વળી એનાં ઉપર પીળાં પુષ્પો પણ ઝૂમવા લાગ્યાં. કાન માંડો તો પંખીની ચહકાટ પણ સંભળાય. ઈસ્ટરનાં તહેવારમાં પુનરુત્થાનની જ વાત હતી ને ? કુદરતનો ક્રમ એ જ ખરેખર તો ઘટમાળ. બરાબર ને ? જન્મ, જીવન અને મરણ, આ પણ એક અનુક્રમ જ છે. એક બાદ બીજું, પછી ત્રીજું , આમ ગતિગમન તો થતું જ રહેવાનું.

મહિનાઓનાં ક્રમમાં માર્ચ પછી એપ્રિલ આવે, આ તો આપણને ખબર જ છે. મારા મિત્ર જગદીશની દીકરી પિન્કીનો ૧લીએ ફોન આવ્યો. કહે, 'અન્કલ, જલદી ઘેર આવો, પપ્પાને ઈમરજન્સીમાં લઈ જવાના છે.' હાંફળોફાંફળો હું ત્યાં પહોંચ્યો. મહાશય દરવાજામાં ખડા હતા ! હસતાં જગદીશ બોલ્યો, 'એપ્રિલફૂલ, કેવો મેં તને બનાવ્યો ?' ચાટ પડ્યા જેવું લાગ્યું. પણ, યથાવત થતાં વાર ના લાગી. એકબીજાને અમે ઉડાવીએ, આજે કદાચ મારો વારો હતો !

૧લી એપ્રિલ, એક એવો દિવસ જે આમ તો બીજા ૩૬૪ દિવસ જેવો જ છે, છતાં કંઈક વિશિષ્ટ છે. **'એપ્રિલફૂલ'** દિવસ તરીકે હવે આ જગ જાહેર થયો છે. ઉચ્ચારની રીતે **ફૂલ** અને **ફ્રોલ** સરખાં લાગે, પણ પહેલું તે **'ફુલ'** અર્થાત્ 'પૂર્ણ' અને બીજું **'ફૂલ'** અર્થાત્ 'મૂર્ખ'. 'ફૂલ'ને આપણે 'પુષ્પ' પણ કહીએ છીએ. શબ્દરમત જેવું નથી લાગતું આ ? અર્થનો અનર્થ થઈ શકે, એક જ શબ્દનાં બે અર્થ થતા હોય તો ગેરસમજ પણ થાય. સહી જે તે જ ખરું, દિમાગમાં આ બેસવું જોઈએ.

'એપ્રિલફૂલ ડે' એટલે મૂર્ખ-બેવકૂફ બનવાનો કે બનાવવાનો દિવસ. યુક્તિ, કપટ, ચાલાકી, છેડછાડ, કરામત, દૃષ્ટિભ્રમ, છેતરપિંડી, હસ્તકૌશલ્ય, ખાસ આવડત કે બોલવાચાલવાની વિશિષ્ટ લઢણ થકી સહેતુ સામાને આ દિવસે બનાવવાનો પ્રયત્ન થાય છે. FOOL, IDIOT, STUPID, SILLY આદિ અંગ્રેજી શબ્દોનો લગભગ એક સરખો જ અર્થ 'મૂર્ખ-બેવકૂફ' ઘટાવાયો છે.

પુઅર રોબિનના ૧૭૬૦નાં પંચાગમાં નીચેની પંકિત છે :

**પહેલી એપ્રિલ, કેટલાક કહે,**
**'મૂર્ખાના દિવસ'થી ભિન્ન છે.**
**પરંતુ, કેમ બધા એમ કહે છે ?**
**મને કે એમને જો કે ખબર નથી.**
**છતાં કરે ઘણાં ઘણું આ દિવસે,**
**કેવળ મોજ-મજા ને હાસ્યવિનોદ માટે !**

લોકપ્રિય આ દિવસ, રોબિન પ્રમાણે, પરંપરા મુજબ મધ્યાન પહેલાં અડધો હસી-મજાક કરવા માટે, અને પછી બાકીનો ભોગ બનેલાએ બૂમો પાડી બદલો લેવા કાજે નિર્ધારિત થયો હતો :

**'એપ્રિલ ફૂલ' તો વહ્યો ગયો,**
**પણ તમે, તો, મૂર્ખ શિરોમણી છો !**

'એપ્રિલ ફૂલ દિવસ'ના ઉગમ અંગે મતમતાંતર છે. ઘણા આને ઋતુ પલટાનો ઉત્સવ માને છે. તો કેટલાકની માન્યતા પ્રમાણે કેલેન્ડર એનાં મૂળમાં છે. મધ્યયુગમાં નવા વર્ષનો પ્રારંભ આ અરસામાં થતો. હિન્દુની **હોળી**, રોમનોનો **હિલેરિઆ** અને જુઈસનો **પુરિમ**, આ વખતનાં ચેનચાળા સાથે હળવાફૂલ બનવાનાં તહેવારો છે. ભાંગ ચઢાવી ધૂળેટીએ આપણે લટકાંમટકાં ક્યાં નથી કરતાં ?

ફ્રાન્સમાં ૧લી એપ્રિલ **'એપ્રિલ ફિશ'** તરીકે જાણીતી છે. બાળકો બીજાની પાછળ માછલીનું ચિત્ર ચિપકાવે છે, પેલાને ખબર પડે ત્યારે 'પોઈઝન ફિશ' કહી વળી પાછા એને ખીજવે છે પણ ખરા. ડેવોન, ચેશાયરમાં આ દિવસ **'ટેઈલ-પાઈપ ડે'** તરીકે જાણીતો છે, કારણ કે 'મને લાત મારો' લખી ચબરખી નિર્દોશના કોટને છેડે પીન કરી દેવાય છે. તમે મૂર્ખ, હું નહીં, એવું ઈંગ્લેન્ડમાં ક્યારેક કહેવાતું.

બોસ્ટન યુનિવીર્સટીનાં પ્રો. જોસેફ બોસ્કીનના મતે કોન્સટન્ટાઈનના રાજ્યકાળ દરમ્યાન કેટલાક મશ્કરા દેબારીઓએ રોમન સમ્રાટને એમ કહ્યું કે તેઓ એમનાં કરતાં સારો વહિવટ ચલાવી શકે છે. રમૂજ પામેલ કોન્સટન્ટાઈને વિદૂષક કુગેલને એક દી માટે રાજા બનાવ્યો. કુગેલે ફરમાન કાઢી હાસ્યજનક આ **દી**'ને વર્ષોવર્ષનો વાર્ષિક દિવસ ઘોષિત કરી દીધો. આ સમાચારની નોંધ ઘણા સમાચારપત્રોએ લીધી હતી. ખરેખર તો પ્રોફેસરે ગપગોળો ગબડાવ્યો હતો !

બોલીવૂડમાં **'એપ્રિલફૂલ'** ફિલ્મ બની હતી. '૬૬માં મુંબઈની **અલંકાર** ટોકિઝમાં આ જોયાનું સ્મરણ છે. બિશ્વજીત અને સાયરાબાનુએ મજાકોનો જબરો તરખરાટ મચાવ્યો હતો. છેડછાટ, પ્રેમભગ્નતા અને છેલ્લે સુખદ મિલન આમેય આપણાં સિનેમાની **ફિલ્મ ફોર્મ્યુલા** જ તો છે, બરાબર ને ?

નથી તે ખડું કરવું, કાગનો વાઘ બનાવવો, કોઈને છોભિલા પાડવા, અલબેલાં અડપલાં કરવાં, આવું ઘણું બધું 'એપ્રિલ ફૂલ દિવસ'માં અખત્યાર થાય છે. સ્પગેટી ઝાડ પર થાય અને બાળકને તે તોડી લાવવા કહેવું કે પછી કબૂતરનાં દૂધ માટે છોકરાને દુકાને મોકલવો, કેવું લાગે છે આ તમને ? રમૂજ આનંદ માટે છે, પરંતુ એ બૂમરેંગ બને તો અવશ્ય કઠે. માટે, આ દિવસે સજાગ રહેવામાં જ ખરી મજા છે.

દરેક પોતાને સયાનો અને બીજાને મૂર્ખ કે કમઅક્કલનો સમજે છે. શેરને માથે સવાશેર પણ હોઈ શકે. રામ નવમી મનાવો છો તો મર્યાદા પણ સમજો. રમૂજ કરો, પરંતુ બીજાની લાગણી તો ના જ દૂભવો. ખુદ ઈચ્છો એવો વ્યવહાર સામા સાથે થવો જોઈએ.

એક વાત ચોક્કસ છે, હસી-મજા થકી જ અસહ્ય સહ્ય બને છે અને જીવનભારણ બોજારૂપ લાગતું નથી. જે આનંદી તે સદા સુખી. દિન-બ-દિન હવે વાતાવરણ સારું થવાનું. મનગમતું કરવું હવે શક્ય પણ બનવાનું. તો, મિત્રો મારા, મોજ માણવા હવે તમે મંડી જ પડો.

⌘ ⌘ ⌘

## અન્યના દોષોથી ભરેલું મન

**સ્વામી નિખિલેશ્વરાનંદ**

જો આપણે આપણા જીવનનું નિરીક્ષણ કરીએ તો માનસિક અશાંતિનું એક કારણ 'અન્યનાં દોષો જોવાં' તે છે. મોટા ભાગના મનુષ્યનો સ્વભાવ બીજાનાં દોષ જોવાં એ હોય છે. જેઓ સતત બીજાનાં દોષ જોતાં રહે છે એમનું જીવન પણ પછી એ ખામીઓવાળું બની જાય છે. કેમકે અન્યની ભૂલો અને ખામીઓનું સતત નિરીક્ષણ કરતાં, એનું ધ્યાન ધરતાં અન્યને રસપૂર્વક એની વિગતો આપતાં, એમનું મન સતત આ દોષોમાં જ રચ્યુંપચ્યું રહે છે અને તેથી પછી એ દોષો એમની ચેતનામાં સંક્રમિત થઈ જાય છે. શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે, 'માણસ જેનું ધ્યાન ધરે છે, ચિંતન કરે છે, તેના જેવો તે બને છે.' બીજાના દોષોનું જેઓ ધ્યાન કરે છે તો તે એ દોષોવાળો બની જાય છે. અને એથી એની મનની શાંતિ તો ગુમાવી બેસે છે પણ અન્યની શાંતિને પણ તે હરિ લે છે.

'એને કંઈ આવડતું નથી, ખાલી મોટી મોટી વાતો જ કરે છે', 'એ તો મોટો કંજૂસ છે. એના ચાવવાના જુદા અને બતાવવાના જુદા, એને હું ઓળખું ને ?', 'કામ કરે કંઈ નહીં અને જાણે પોતે જ બધું કર્યું હોય એવો દેખાવ કરતાં એને ભારે આવડે છે.' - આમ કુટુંબમાં, સમાજમાં, સંસ્થામાં, ઓફિસમાં, મંદિરમાં, લગભગ દરેક સ્થળે લોકો એકબીજાનું દોષારોપણ કર્યા કરતા હોય છે. જ્યાં દૃષ્ટિ જ દોષદેખી બની ગઈ હોય ત્યાં પછી કોઈનું કંઈ સારું દેખાતું જ નથી.

જો માણસ પોતાના સમયનું વિશ્લેષણ કરે તો તેને મળેલા ફુરસદના સમયનો મોટો ભાગ આ દોષદર્શનમાં જ વીતતો હોય છે. જ્યાં મન બીજાના દોષોથી ભરેલું હોય ત્યાં એવા મનમાં શાંતિ ઊતરે ક્યાંથી ? શાંતિને આવવા માટે જગ્યા તો જોઈએ ને ? અહીં તો બીજાએ શું કરવું જોઈએ, કેવી રીતે રહેવું જોઈએ - એ 'બીજાઓથી' મન આખું ભરેલું છે, ત્યાં પોતાના માટે જગ્યા પણ ક્યાં છે ?

## રામુ

લતાબેન હીરાણી, અમદાવાદ



રિલાયન્સ, ટાટા, બીરલા, જેવા ઉદ્યોગપતિઓના કારખાનાઓની ચીમનીઓમાંથી નીકળતા ધૂમાડા સાથે ઔદ્યોગિક પ્રગતિથી આગેકુચ કરી રહેલા ભારતની સાથે સાથે ત્રીસ કરોડ ગરીબીમાં પીડાતા ભારતીયોનું જીવન પણ ધબકી રહ્યુ છે. આમાંથી બહાર ફંગોળાઈ ગયેલા થોડાએક બાળકોને અમદાવાદની લાયન્સ ક્લબ, ઘરથી દૂર એક ઘર એવા “બાળકોનું ઘર”માં આશરો આપે છે, ઉછેરે છે, શિક્ષણ આપે છે.

શ્રીમતી લતાબેન હીરાણી આ ઘરમાં આવેલા બાળકોને બાળવાર્તાઓ સંભળાવી તેમનું મનોરંજન કરે છે અને તેમને પણ તેમના જીવનની આપવીતી કહેવાનું ઉત્તેજન આપે છે. આવા બાળકોના હૃદયદ્રાવક જીવનવૃતાંત લતાબેન હીરાણી તેમની દાક્ષિણિક શૈલીમાં વાચકો સમક્ષ રજુ કરે છે.

શૂન્ય મનસ્ક આંખો ચારે બાજુ જોઈ રહી. એ આંખોમાં ડર ન્હોતો, થોડુંક વિસ્મય હતું. સ્થળ માટે થોડીક તાજ્જુબી હતી. શું આવું હોઈ શકે ખરું ?

થોડા દિવસોથી રામુ અહીં આવ્યો હતો. અહીં તેના જેવા બીજા ઘણાં બાળકો હતાં. ખાવાનું નિયમિત મળતું હતું. આવતાંની સાથે જ સારાં કપડાં પણ પહેરવા મળ્યાં હતાં. રાત્રે સૂવા માટે પથારીની યે વ્યવસ્થા હતી. પણ આજે જ્યારે તેણે સાંભળ્યું કે, ‘આ તમારું ઘર છે’ ત્યારથી તેના નાનકડા દિમાગમાં પ્રશ્નોની પરંપરા સર્જાઈ ગઈ. ‘શું આવું ઘર હોઈ શકે ?’ ‘કોઈ મારે માટે આવું કરી શકે ?’ ‘શા માટે કરે ?’ આ પ્રશ્નોને અડીને એક બીજો પ્રશ્ન પણ સળવળ્યો, ‘આને ઘર કહી શકાય ખરું ?’ જોકે આવું સ્પષ્ટ વિચારવા જેટલી વિચારશક્તિ હજુ તેની વિકસી નહોતી. પણ કંઈક આ જ પ્રકારનો ભાવ તેની આંખોમાં રમી રહ્યો.

તે હળવેકથી ઉભો થયો. દિવાલોને સ્પર્શી જોયું. ભીંત પર ધીમે પગલે હથેળી સરકાવતાં તે આગળ વધ્યો. દરવાજા સુધી પહોંચતાં પહોંચતાં તેને અવાજ ઓગળતો જતો હોય એમ એને લાગ્યું. દરવાજા પાસે આવી એણે બહાર નજર કરી. એક મજૂર બાઈ કામ કરી રહી હતી. દિવાલોમાં ઘર શોધતી તેની આંખો બેચાર પળ પછી એકદમ પથ્થર બની ગઈ. તેની હથેળીઓમાં અસહ્ય બળતરા ઊપડી. બે ડગલાં પાછળ જઈ તેણે ડરતાં ડરતાં પોતાની હથેળી જોઈ. હવે ત્યાં મારનાં નિશાન નહોતાં. પરંતુ પીડા એટલી જ તીવ્રતાથી હથેળીની સાથે સાથે પીઠ પર પણ ફરી વળી. જો તે પીઠ પર નજર કરી શક્યો હોત તો તેને ખબર પડત કે સોંટીના ઊઠેલા સોળની નિશાનીઓ ત્યાં હજુ અકબંધ છે. તેના બંને કાન જાણે કોઈ પૂરી બેરહમીથી આમળતું હોય એવું તેણે અનુભવ્યું. આસપાસમાં કોઈ નહોતું તોય તેના બંને હાથ એકદમ કાન ઢાંકી રહ્યા અને ખુલ્લી આંખો સામે તાજો જ ભૂતકાળ સળવળી ઊઠયો.

તે દિવસે ઘણું કરીને રવિવાર હતો. મા કામ પર નહોતી ગઈ. ઘરમાં જ હતી. બાપે આગલી રાત્રે ખૂબ દારુ ઢીચ્યો હતો. બપોરના બે સુધી તો બાપના નસકોરા જ સંભળાતા હતા. પછી બાપુ ક્યારે ઊઠયા તેને ખબર નહોતી. તે શેરીમાં બીજા બાળકો સાથે રમતો હતો. એવામાં તેણેમાની બૂમ સાંભળી. પહેલી બૂમ તેણે અવગણી, બીજી યે અવગણી, પણ ત્રીજી બૂમ સાંભળ્યા પછી તેને ડર લાગ્યો. તેને થયું હવે જવું જ પડશે. માના ક્રોધી સ્વભાવથી તે પૂરેપૂરો પરિચિત હતો. મન નહોતું પણ તે પરાણે ઘરમાં ગયો. મા ચોકડીમાં બેસીને નાની બેનને નવરાવતી હતી.

‘સૂનતા નહી હે બહીરે ! કબસે ચીલ્લા રહી હું’.

‘ક્યા હે મા ? મુજે ખેલને દે ન !’

‘જા, આટા ઔર આલુ લે આ.’

‘અભી રહને દે મા, કલ લા દૂંગા,’

‘તેરા બાપ ખાયેગા ક્યા, મેરા સર ? ઉસે ભૂખ લગી હૈ. ઈતના પીકર ભી ઉસકા પેટ નહી ભરા.’

તેનો બાપ રાતોપીળો થઈ ગયો.

‘એ, બડબડ બંધ કર, વરના થોબડા તોડ દૂંગા. એ છોટે, જા તેરી માંકા કામ કર ઔર મેરે લિયે બીડી માચીસ ભી લે આના.’

‘ફિર પૈસા ભી તેરે બાપસે હી લે લેના.’

‘જબાન મત ચલા. તેરે પૈસોસે મુઝે બીડી નહી પીલા સકતી ક્યા ?’

‘હાં હાં, બીડી હી ક્યું ? દારુ ભી પીલાઉગી. મુઆ, સબકો નીચોડ કર રખ દેગા.’

‘ઈધર આ. લે યે પૂરે સો રૂપિયેકા નોટ હૈ. દેખ મગર ઈસમેંસે સિર્ફ બીડી માચીસ હી લાના હે. આટેકે પૈસે તેરી મા દેગી.’

‘ઉસીમેંસે તુમ્હે આટા ઔર આલુ ભી લાના હૈ. નહી લાયા તો તેરી ચમડી ઉધેડ દૂંગી’ કહેતાં કહેતાં મા જરાક જોશમાં આવી ગઈ. મુન્નીના વાળ માના હાથમાં હતા એટલે ખેંચાયા અને મુન્નીએ ભેંકડો તાણ્યો. બીજી જ પળે સટાક. . .એક જ તમાચાથી આ બાજુ મુન્ની ચુપ થઈ ગઈ. બીજી બાજુ રામુ હાથમાં નોટ લઈને ઝડપથી શેરી તરફ ભાગ્યો.

તેના બધા દોસ્તો તેને ઘેરી વળ્યા. ‘આમ ન ચાલે, દાવ દઈને જા.’ પણ દાવ દેવા રહે તો વાર થઈ જાય. મુન્નીને પડેલા તમાચાનો અવાજ હજી તેના કાનમાં ગુંજતો હતો. બધાથી પીછો છોડાવીને તે પહોંચ્યો સીધો મોદીની દુકાને. દુકાને પહોંચ્યા પછી તેને યાદ આવ્યું કે કેટલો લોટ અને કેટલા બટેકા એ તો પૂછવાનું જ ભૂલી ગયેલો. એકાદ મિનિટ માથું ખંજવાળી પછી પોતે જ નિર્ણય લઈ લીધો.

‘આધા કિલો આલુ દેના, આધા કિલો લોટ.’

‘પૈસે લાયે હો ?

‘હાં, પૂરે સો રૂપિયે દિયે હૈ મેરે બાપુને.’ બહુ ગૌરવથી તેણે કહ્યું.

‘ઠીક હે, ઠીક હૈ.’

દુકાનદાર માલ તોળવા લાગ્યો.

ઝૂંપડપટ્ટીને નાકે આવેલી નાની અમથી કરિયાણાની દુકાન જેમાં કરિયાણું તો મળે જ પણ સૂકું શાક ને ઘર વપરાશની નાની મોટી વસ્તુઓ પણ મળી જાય. વસતિના લોકોની રોજિંદી જરૂરિયાત પૂરી થઈ જાય.

‘બીડી બાકસ ભી દેના’ અચાનક તેને યાદ આવ્યું.

‘અબ પૈસે નિકાલ’ પડીકું બાંધતાં દુકાનદારે તોછડાઈથી કહ્યું. તેને આ ગમ્યું નહિ. તેને થયું સો રૂપિયાની નોટ કાઢી તેના માથામાં મારું ! આ લોકો તેના મનમાં શું સમજતા હશે ? પૈસા છે એમ કહ્યું તો પણ. . .જવા દે. . .તેણે ગજવામાં હાથ નાખ્યો. હાથ ગજવામાં ચારે બાજુ સ્પર્શી વળ્યો પણ સોની નોટ હાથમાં ન આવી. તેને થયું ગજવું ખાલી હોય એમ કેમ લાગે છે ? તેણે ફરી ગજવામાં હાથ ઘસ્યો. પરિણામ શૂન્ય. તેને ધ્રાસ્કો પડયો. ખિસ્સું ફાટેલું તો નથી ને ? તેણે ખાતરી કરી જોઈ. ખિસ્સામાં કાણું જરૂર હતું પણ તેમાંથી તો એકાદ નાનો સિક્કો જ બહાર જાય, સોની નોટ નહિ. તેના ચહેરા પરથી નૂર ઊડી ગયું.

દુકાનદાર આ બધું જોઈ રહ્યો હતો. ચિડાઈને બોલ્યો, ‘મુજે બેવકૂફ બનાતા હૈ ? તેરા બાપ કહાંસે પૈસા દેગા ? દારુ પીકર બચેગા તબ ન ! ફોગટમેં સમય બરબાદ કરતા હૈ.’ કહેતાં કહેતાં તેણે માલ પાછો અંદર મૂકી દીધો.

રામુ સજળ નયને તેની તરફ જોઈ રહ્યો, પણ દુકાનદાર પીગળ્યો નહીં.

‘તુમ મુજે સામાન દે દો. પૈસે રાસ્તેમેં કહી ગીર ગયે લગતે હૈ. મેં અભી ઢૂંઢકર લા દૂંગા.’ તે કરગર્યો.

‘જા, જા, યહાં દાનધરમ કરને નહિ બૈઠા હું.’

‘મૈં ખાલી હાથ જાઉગા તો મેરા બાપ મૂઝે પીટેગા. ઉધાર હી દે દો.’ ફરી તેણે કાકલૂદી કરી.

‘તેરી માંકો લેકર આ તો ઉધાર દૂંગા.’

રામુને વિશ્વાસ થઈ ગયો કે આ વેપારી તેને કંઈ આપશે નહીં. એકવાર ફરી તેણે ખિસ્સું તપાસી જોયું પણ હાથમાં આવી રમતાં રમતાં ખિસ્સામાં ભરાયેલી થોડી કાંકરીઓ. આજુબાજુ પણ વાંકા વળીને ફંફોસ્યું પણ રદ્દી કાગળના ડૂચા સિવાય કંઈ નજરે ચડયું નહિ. આંખમાં આવેલા આંસુઓના પડળ પાછળ પછી એ ય દેખાતા બંધ થઈ ગયા.

તે એકદમ મુઠ્ઠીઓ વાળીને દોડયો. દુકાને આવતી વખતે તેને તેના દોસ્તોએ ઘેરી લીધો હતો. થોડીક ખેંચતાણ પણ થઈ હતી. કદાચ નોટ ત્યાં પડી ગઈ હોય. બધા દોસ્તો હજુ ત્યાંજ રમતા હતા. તે ચારે બાજુ ધૂળ ફેંદવા લાગ્યો. બધા તેને ઘેરી વળ્યા.

‘ક્યા હુઆ ?’

'પૈસે ગીર ગયે.' રડમસ અવાજે તે બોલ્યો. ત્યાં રમતા છોકરાઓમાં એક બાબુ પણ હતો. તેને ઘર તરફ જતાં જોઈને કોઈએ પૂછ્યું પણ ખરું, 'કહાં જાતા હૈ, બાબુ ?'

'મુજે જોરસે લગી હૈ' કહેતાં જ તેણે દોટ મૂકી.

ચારે બાજુ શોધવા છતાં નોટ ન મળી તે ન જ મળી. રામુ એક બાજુ બેસી પડયો. તેના દોસ્તો થોડીકવાર તેની આજુબાજુ રહ્યા, પછી પાછા રમવામાં લાગી પડયા. હવે ઘેર કેમ જવું ? રામુની સામે આ સવાલ પેલા તમાચાની જેમ સમસમતો અને પછી મુન્નીની જેમ સહેમી જતો ઊભો હતો. થોડાક ડગલાં દૂર જ એનું ઘર હતું ને એમાં. . .એ આગળ વિચારી ન શક્યો. થોડે દૂર આવેલ એક મંદિરના ઓટલે જઈને તે બેઠો. ક્યારે અંધારું થઈ ગયું ને રાત થઈ ગઈ તેને ખબર ન રહી. ત્યાં જ મુન્ની તેને શોધતી શોધતી આવી. હવે ઘરે ગયા વગર છૂટકો નહોતો.

મુન્નીએ પૂછ્યું, 'તું કહાં થા ? મા કબસે તુઝે ઢૂંઢ રહી હૈ.'

'સબને ખાના ખા લિયા ક્યા ?' જવાબ આપવાને બદલે રામુએ વળતો સવાલ પૂછ્યો.

'હાં'.

'બાપુને ભી ખા લિયા ?'

'હાં, લેકિન આજ તુજે નહી છોડેંગે' કહીને મુન્ની ચૂપ થઈ ગઈ.

ઘરમાં પહોંચતાંવેંત માએ જોરથી કહ્યું, 'કહાં મર ગયા થા અબતક ? સામાન કહાં હૈ ?'

માનો ઘાંટો સાંભળીને બાપ પણ બહાર આવ્યો. 'બદમાશ, પૈસે લેકર છૂ હો ગયા ? લા, મેરી બીડી માચીસ ઔર બાકીકે પૈસે. . .'

તે ચૂપચાપ ઊભો રહ્યો.

'જબાન પર તાલા લગા હૈ ક્યા ? કુછ ભસેગા યા નહી ?'

'પૈસે કહી ખો ગયે,' તે ધ્રૂજતાં ધ્રૂજતાં બોલ્યો.

'હાય રામ, કૈસે ખો ગયે ?' માએ પૂછ્યું.

'પતા નહી. જેબસે ગીર ગયે.'

'બતા તેરી જેબ !' બાપે પૂરી તલાશી લીધી ને પછી જોરથી તેના કાન આમળતાં કહ્યું, 'સચ સચ બતા, વરના તેરી હડ્ડીપસલી એક કર દૂંગા.'

'સચ કહતા હું બાપુ. મુજે કુછ માલુમ નહિ. બનિયાકી દુકાન પર પહોંચા તબ જેબમેં પૈસે નહી થે.'

'જૂઠ બોલતા હૈ, નાલાયક ? મુજે માલુમ હૈ, પૈસે તુને ચુરા લિયે હૈ.'

'મૈં સચ કહેતા હું બાપુ. . .' પણ તેનું વાક્ય પૂરું થાય તે પહેલાં તો ગડદાપાટુ ને મારનો વરસાદ શરૂ થઈ ગયો. તેનાથી બાપ થાક્યો તો અંદર જઈ લાકડી લઈ તેના બરડા પર ફટકારવાનું શરૂ કર્યું. ફાટેલું ખમીસ સાવ ફાટી ગયું. બરડા પર લોહીની ટશરો ફૂટી. રામુ આજીજી કરતો રહ્યો. છોડાવવા માટે માને કરગરતો રહ્યો. પણ મા બધું જોતી જ રહી. એણે પણ રામુનો વિશ્વાસ ન કર્યો.

'અબ કભી તુને પૈસે ચુરાયે ન, તો મૈં તુમ્હે જાનસે માર દૂંગા.' બાપ અંતે થાક્યો ને લાકડીનો ઘા કરી અંદર ગયો. મુન્ની ડઘાઈને આ બધું જોતી રહી ગઈ. જો કે માર પડવો એ તો સામાન્ય બાબત હતી પણ આ વખતે બાપ હદ વળોટી ગયો હતો. માએ પણ ન બાપને રોક્યો, ન રામુને બચાવ્યો. રામુ પર થતા જુલમની જાણે તેના પર કોઈ અસર જ નહોતી. બાપના ગયા પછી ડૂસકાં ભરતાં ભરતાં તેણે મા સામે જોયું. કદાચ બાપની બીકથી ચૂપ રહેલી મા હવે તેની વાત માને. પણ માએ આંખો ફેરવી લીધી. મુન્નીનો હાથ ખેંચી ઓરડીમાં લઈ ગઈ અને બારણું બંધ કરી દીધું.

ફળિયામાં તૂટેલી ખાટલી પર તે ટૂંટિયું વાળીને સૂતો. વાંસામાં ને હાથપગમાં અસહ્ય વેદના થતી હતી. આમ ને આમ ઉંહકારા ભરતાં મોડી રાતે તેની આંખ મળી. સવારે જાગ્યો ત્યારે બંને આંખો સૂજી ગઈ હતી. ગાલ પર આંગળાઓનાં નિશાન ઊઠી આવ્યા હતા. આખા શરીરે પારાવાર વેદના થતી હતી. લથડિયા ખાતાં તેણે મોં ધોયું. ચૂલા પાસે જઈને બેઠો. માએ સામે રોટી ને ચા ધરી દીધાં. પોતે આગલા દિવસનો સાવ ભૂખ્યો હતો. રોટી જોઈને આંખમાં ઝળઝળિયાં આવી ગયા પણ ખાઈ ન શક્યો. ચાના ઘૂંટડા ગળે ઉતારી તે ઉભો થઈ ગયો. મા કશું જ ન બોલી.

માબાપ બંને કામે ગયાં. મુન્નીએ તેને બોલાવ્યો. હવે તેનાથી ભૂખ નહોતી સહેવાતી. બંનેએ સાથે બેસીને ખાધું. પછી આખો દિવસ તે ઊંઘતો જ રહ્યો.

દિવસો પસાર થતા રહ્યા. તે ચૂપચાપ બધું કરતો રહ્યો. હા, આ દિવસોમાં તે દોસ્તો સાથે ક્યારેય રમવા ન ગયો. ખાવા માટે ઘરે આવતો. ઘરનું કામકાજ કરી દેતો ને બાકીનો સમય મંદિરના ઓટલે બેસી રહેતો. બધો જ સમય તેના મનમાં એક જ સવાલ ઘુમરાયા કરતો, 'મને શેની સજા મળી ? મેં ચોરી તો નહોતી કરી !'

તે જેમ જેમ વિચારતો ગયો તેમ તેમ ગૂંચવાતો ગયો. ન તેને કોઈ જવાબ મળ્યો, ન ઉપાય. ઉપર આકાશની સામે તે તાકી રહેતો અને તેને થતું કે તેની સમસ્યા પણ આ આકાશની માફક જ અનંત છે. દિવસો વીતી ગયાં ને આમ એક દિવસ તે નીચું જોઈને પગના અંગૂઠાથી જમીન ખોતરતો હતો. જમીનમાં ખાડો થતો ગયો. ખાડો મોટો ને મોટો થતો ગયો ને અચાનક તેને તેની સમસ્યાનો ઉકેલ જડી ગયો. ખાડા ઉપર તેણે ધૂળ વાળી દીધી. પગથી ખૂબ દાબી પણ દીધી કે જેથી ખાડાનું અસ્તિત્વ જ ન રહે. તેને થયું હું આ ઘા ખોતર્યા જ કરું છું. હવે મારે તેનું અસ્તિત્વ જ ન જોઈએ.

થોડા દિવસોથી સાવ ધીમી ગતિએ નિરાશાથી ડગલાં માંડતો રામુ આજે સ્ફૂર્તિથી પાછો વળ્યો. પીડા મટી નહોતી પણ એક મક્કમ નિર્ણયે તેની દુઃખતી રગોમાં જોશ ભરી દીધું હતું. તે ઝડપથી ઘરે પહોંચ્યો. તેને ખબર હતી, આ સમયે માબાપ ઘરમાં હોય નહી. મુન્ની એટલામાં ક્યાંક રમતી હતી. હળવેકથી ઓરડીનું બારણું ખોલ્યું. ચૂલા પરની અભેરાઈ સુધી તેનો હાથ પહોંચ્યો નહી. ખૂણામાં રાખેલી જૂની પેટી ઉપાડી ચૂલા પાસે મૂકી ઉપર ચડી પતરાના ડબ્બાઓ પાછળ સંતાડેલી એક પોટલી ખેંચી. એકવાર તે માને આ જગ્યાએ પૈસા મૂકતાં જોઈ ગયો હતો. પોટલી ખોલી, પૂરા પાંચસો રૂપિયા તેમાં હતા. ખિસ્સું ફાટેલું તો નથી ને ! તેણે ખાતરી કરી. ધીમેથી નોટો ખિસ્સામાં સરકાવી દીધી.

બહાર નીકળી એકવાર મુન્નીને શોધવા તેની આંખો ફરી વળી પણ મુન્ની દેખાઈ નહી. હવે મોડું કરવું પાલવે તેમ નહોતું. સ્ટેશન પરની ટ્રેઈન તેની રાહ જોતી હતી.

⌘ ⌘ ⌘

**જીવનનાટક** **અનુસંધાન પાના ૪ પરથી**

જૂઈ ઃ (ધીમે ધીમે ત્રૂટક અવાજે) કંઈ જ નથી થતું, મમ્મી, મને કંઈ જ નથી થતું. મમ્મી, પપ્પા, તમે મને ખૂબ પ્રેમ આપ્યો છે. હું ખૂબ ખુશ છું. હું મરવાની નથી, જીવવાની છું. જીવવાની કઈ રીતે ? ડોક્ટર અંકલ. .

(જૂઈ છેલલા શ્વાસ લે છે. બધાં રડે છે.)

ડોક્ટર ઃ અવિનાશભાઈ, તન્વીબહેન, આ રડવાનો સમય નથી. (પોતે પણ આંસુ લૂછી નાખે છે) તમારી બહાદુર દીકરી મરીને ય જીવી ગઈ છે. જે રીતે આટલા મહિનાથી તે મૃત્યુનો સામનો કરતી આવી હતી, રડીને તેનું ગૌરવ ઓછું ન કરો.

અવિનાશ, તન્વી ઃ એટલે ?

ડોક્ટર ઃ એટલે એમ જ કે તમે માનતાં હતાં કે જૂઈને કાંઈ ખબર નથી અને તેણે છેલ્લે સુધી તમારી એ સુખદ ભ્રમણા અકબંધ રાખી. એ પહેલે જ દિવસે તમારી વાત સાંભળી ગયેલી.

અવિનાશ, તન્વી ઃ હેં ? ઓહ ! (રડી પડે છે)

ડોક્ટર ઃ હા, અને જતાં જતાં એની નાનકડી જિંદગી સાર્થક કરતી ગઈ છે. ચિંતનને તેની આંખો આપવાનું તથા શરીરના જે અવયવો કોઈને કામ લાગી શકે તેમ હોય તો આપવાનું વચન જૂઈ મારી પાસેથી લેતી ગઈ છે. માટે આ સમય રડવાનો નથી, ઝડપ કરવાનો છે. જૂઓ, આ રહ્યો તેનો છેલ્લો પત્ર. જે તેણે પોતાના મૃત્યુ પછી જ તમને આપવાનું મારી પાસે વચન લીધું હતું.

અવિનાશ, તન્વી ઃ (આંસુભીની આંખે પત્ર ખોલે છે. બેક સ્ટેજમાંથી જૂઈના અવાજમાં પત્ર વંચાતો સંભળાય છે)

વ્હાલાં મમ્મી, પપ્પા,

આપણે બધા એકબીજાને છેલ્લે સુધી સુખી, હસતાં, જોવા માંગતાં હતા. આપણે બંને આપણા જીવનનાટકમાં સફળ રહ્યાં. તમારા જેવા મમ્મી પપ્પા હોવાનું મને ગૌરવ છે. તમે હંમેશા મને કહેતાં, આજે હું તમને કહું છું, 'મને તમારા માટે ગૌરવ છે'. મારી અંતિમ ઈચ્છા ડોક્ટર અંકલને કહી છે. પપ્પા, મમ્મી, મને વિશ્વાસ છે મારી દરેક ઈચ્છા તમે પૂરી કરી છે તે તમારી દીકરીની અંતિમ ઈચ્છા પણ પૂરી કરશો જ. હું જીવંત રહીશ ચિંતનની આંખોમાં, ને કોઈના શ્વાસમાં, તમારી યાદમાં, - તમારી જૂઈના પ્રણામ.

(નૈપથ્યમાંથી ઘેરો, ગંભીર ગીતનો અવાજ સંભળાય છે.

"દિનાન્તે આજ તો, સકળ નિજ અર્પીને ખરી જવું."

બધાં સતબ્ધ થઈને ઊભાં છે, પડદો પડે છે.)

⌘ ⌘ ⌘

## આપણાં શાકભાજી

(દરેક અંકમાં આપણાં શાકભાજી વિષે ઉપયોગી અને રસપ્રદ માહિતી અહીં પ્રગટ કરવાનો વિચાર છે. કોઈપણ વાચકમિત્ર પાસે એવી માહિતી હોય તો મોકલવાનું આમંત્રણ છે. યોગ્ય લાગશે તે અહીં, તેમના નામ સાથે, પ્રગટ કરવામાં આવશે, 'રીડર્સ ડાઈજેસ્ટ'ની જેમ કોઈ પુરસ્કાર તો આપવામાં નહિ આવે પણ એ રીતે આ સામયિક દ્વારા થતી ગુજરાતી ભાષા અને સમાજની સેવા કરવામાં સહકાર આપવાનો લ્હાવો અચૂક મળશે. - માનદ્ તંત્રી)

### બ્રોકલી

બ્રોકલી અને કોબીના ફૂલ અથવા કોલીફ્લાવર, એક જ કુટુંબના સભ્યો ગણાય. એક લીલું અને બીજું સફેદ. મને યાદ છે નાનપણની વાતો. જૂનાગઢમાં એક ભૈયાજી પોતાની વાડીમાં અનેક પ્રકારના શાકભાજી ઉગાડતા. એકવાર તે લીલું કોલીફ્લાવર લાવેલા. સફેદ વચ્ચે આ લીલા રંગનું કોલીફ્લાવર કેમ બન્યું તે તો તેમને પણ ન સમજાયું. પણ તેમને તો વેચીને પૈસા મેળવવાનું કામ. અમે તે લાવેલા. શાક બનાવ્યું ત્યારે તેનો લીલો રંગ જતો રહ્યો અને સ્વાદમાં કોલીફ્લાવર જેવું જ લાગ્યું. તે કદાચ બ્રોકલી ન હતી. કારણ બ્રોકલીનો રંગ રાંધવાથી બદલાતો નથી.

ભારતમાં બ્રોકલીનું ઉત્પાદન ઘણું થાય છે. દુનિયામાં બ્રોકલીના ઉત્પાદનમાં ચીન પ્રથમ નંબરે છે. ત્યાં વર્ષે ૮૫ લાખ ટનનું ઉત્પાદન થાય છે. બીજા નંબરે ભારત, ૫૦ લાખ ટન, ત્રીજા નંબરે અમેરિકા ૧૩ લાખ ટન, ચોથા નંબરે સ્પેન, ૭ લાખ ટન અને ત્યાર બાદ ઘણા દેશોમાં નાનામોટા પ્રમાણમાં તેનું ઉત્પાદન થાય છે. ગુજરાત-સૌરાષ્ટ્રમાં બ્રોકલી બહુ જાણિતી નથી એટલે લોકો બજારમાં જૂએ તો પણ ખરીદતાં અચકાય છે. એક એકર દીઠ બ્રોકલી અને કોલીફ્લાવરનું ઉત્પાદન તો સરખું જ થાય. પણ બ્રોકલીનો ભાવ વધારે હોવાથી આવક વધારે થઈ શકે. એટલે હવે પ્રગતિશીલ ખેડૂતો તેને ઉગાડવાની માહિતી મેળવીને તેનું ઉત્પાદન વધારી રહ્યા છે.

બ્રોકલી, કોબી અને કોલીફ્લાવરમાં ગુણકારી તત્ત્વો લગભગ એક સરખા છે. પણ તેના પ્રમાણ અને પાચનની સહેલાઈની દૃષ્ટિએ બ્રોકલી પહેલા નંબરે, કોબી બીજા નંબરે અને કોલીફ્લાવર ત્રીજા નંબરે આવે.
તેમાં ઘણી જાતના તત્ત્વો હોવાથી શાકાહારી માટે તે ઉત્તમ શાક ગણાય અને દરરોજ તેમના ખોરાકમાં હોવું જોઈએ.

બ્રોકલીના મહત્ત્વના તત્ત્વોની ટકાવારી

| | |
|---|---|
| પ્રોટીન ૨.૮ | વિટામીન એ - ૩ |
| બીટા કારોનેટ - ૩ | થીઆમીન - ૫ |
| રિબોફ્લેવીન - ૮ | નીઆસીન - ૪ |
| પેન્ટોથેનીક - ૧૧ | વિટામીન બી૬ - ૧૩ |
| ફોલેટ - ૧૬ | વિટામીન સી - ૧૫ |
| કેલસિયમ - ૫ | લોહ - ૬ |
| મેગ્નેસિયમ - ૬ | પોટાસિયમ - ૯ |
| ફોસફરસ - ૭ | ઝીન્ક - ૪ |
| કાર્બોહાઈડ્ડ - ૬.૬ | સાકર - ૨ ફાઈબર ૨.૬ |

બ્રોકલીમાં ડિન્ડોલીનમીથેન અને લેનિયમ નામના બે તત્ત્વો છે જે શરીરની ઈમ્યુનીટી વધારે છે અને બેક્ટીરીઆથી થતા રોગો ઉપરાંત કેન્સરના પ્રતિકારક છે. જો આહારમાં નિયમિત લેવામાં આવે તો પુરુષોમાં પ્રોસ્ટેટ કેન્સર થતું અટકાવી શકે છે. શાકાહારી માટે તે ઘણું જ અગત્યનું છે અને તેની ઋતુ દરમિયાન મળે ત્યાં સુધી નિયમિત આહારમાં લેવાથી ઘણો ફાયદો થઈ શકે.

કુણી બ્રોકલીને સેલાડમાં કાચી ખાવાથી સૌથી વધુ ફાયદો મળે. માઈક્રોવેવ ઓવનમાં એક મિનિટ માટે અથવા વરાળથી બે કે ત્રણ મિનિટ બાફવાથી અથવા ચાઈનીઝ સટાઈલનું સ્ટરફ્રાઈ કરવાથી, જેમાં તે અધકચરી રહે છે, તેના તત્ત્વો જળવાઈ રહે છે. પણ વધારે પાણીમાં લાંબો સમય બાફી તેનું શાક કરવામાં આવે કે ઊંચા ઉષ્ણતામાનવાળી તળવાની વાનગીમાં વાપરવામાં આવે તો તેના મોટા ભાગના ઉપયોગી તત્ત્વો નષ્ટ થઈ જાય છે. ખારી ભાત, પુલાવ કે મીક્ષ્ડ વેજિટેબલ શાકમાં વાપરવી હોય તો તે પૂરા રંધાઈ ગયા પછી તેમાં ઉપર બ્રોકલી ઉમેરી તેને બેત્રણ મિનિટ વરાળે બફાઈ જવા દેવી. બ્રોકલી સહેલાઈથી બફાઈ જાય છે એટલે તેને પ્રેસર કૂકરમાં બાફવાની જરૂર નથી.

યુરોપમાં જુદા જુદા દેશોમાં બ્રોકલી અલગ અલગ રીતે ખવાય છે. ફ્રાન્સમાં બ્રોકલીનું સુપ બહુ જાણીતું છે. બાફેલી બ્રોકલી ચીઝ સોસ કે વ્હાઈટ સોસ સાથે પણ ખવાય છે. ઈટાલીયન લોકો પાસ્તા, રેવિયોલી, વગેરેમાં ટોમાટો સોસ સાથે ખાય છે. જર્મનીમાં સેન્ડવીચમાં મૂકીને ખાવામાં આવે છે. કાચી, કુણી બ્રોકલી રસિયન સેલાડમાં ભેળવવામાં આવે છે. ચાઈનીઝ લોકો સ્ટરફ્રાયમાં ઘણો ઉપયોગ કરે છે ઉપરાંત વેજી ફ્રાયડ રાઈસમાં પણ ઉમેરે છે.

ગુજરાતીઓ તેનું 'ગુજરાતીકરણ' કરી નાખે છે. ૧૯૭૮માં અમે ન્યુઝિલેન્ડના ઓકલેન્ડ શહેરમાં સાંજે પહોંચેલા. શાકાહારી ભોજન માટે એક પટેલના કોફી લાઉન્જમાં ગયા. તેમણે આદુ, મરચાં, લસણનો વઘાર કરી બ્રોકલીનું 'સ્ટર ફ્રાય' જેવું કોરું શાક બનાવેલું તે એટલું સ્વાદિષ્ટ બનેલું કે તેનો સ્વાદ હજી અમે ભૂલ્યા નથી.

આમ દરેક દેશમાં તેમની રુચિ અને સંસ્કૃતિ પ્રમાણે બ્રોકલી આહારમાં લેવામાં આવે છે. પણ એક વાત ધ્યાનમાં રહે કે દરેક લીલા શાકભાજીનો એક નિયમ છે કે તેને જેમ વધારે ગરમ કરો તેમ તેનો સ્વાદ કદાચ રુચિકર બને પણ તેમાંના તત્વોમાં થોડો ઘટાડો જરૂર થાય છે.

નોંધઃ સ્વાદ અને શોખ ખાતર અહીં બ્રોકલી વિષે માહિતી આપી છે. માહિતીની સત્યતા વિષે કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી. આહારમાં ફેરફાર કરતાં પહેલાં કે રોગનિવારણ માટે તેનો ઉપયોગ કરતાં પહેલાં તેના નિષ્ણાતની સલાહ લેવી આવશ્યક છે.



### मेघदूतम् (संपादकः डो.गौतम पटेल)

यत्र स्त्रीणां प्रियतमभुजालिंगनोच्छ्वासिताना
मंगग्लानिं सुररतजनितां तन्तुजालावलम्बाः ।
त्वत्संरोधापगविशदैश्चन्द्रपादैर्निशेथे
व्यालुम्पन्ति स्फुटजललवस्यन्दिनश्चन्द्रकान्ताः ॥७५॥
गत्युत्कम्पादलकपतितैर्यत्र मंदारपुष्पैः
पत्रच्छेदैः कनककमलैः कर्णविभ्रंशिभिष्च ।
मुक्ताजालैः स्तनपरिसरच्छिन्नसूत्रैष्च
हारैर्नैशो मार्गः सवितुरुदये सूच्यते कामिनीनाम् ॥७६॥

### મેઘદૂત (સંપાદકઃડો.ગૌતમ પટેલ, ભાવનગર)

જ્યાં સ્ત્રીઓની પ્રિયતમભુજાપાશથી મુક્ત થાતાં.
દેહે પીડા સુરતજન્મી તંતુજાલે રહેલા,
રાત્રે મોટા જલકણ ઝરી, ચંદ્રકાન્તો હરે છે,
તારી બાધારહિત બનતી સ્વચ્છ એ ચાંદનીથી. (૭૫)
કંપી ચાલે અલક પડિયાં પુષપ મંદારનાં જ્યાં
પત્રચ્છેદો, કનકકમલો કણરથી જે ખરેલાં,
મોતીસેરો, સ્તનપરીસરે સૂત્ર તૂટેલ હારો
વામાઓનો અરુણઉદયે સૂચવે રાત્રિમાર્ગ (૭૬)

(ક્રમશઃ દરેક અંકમાં બે પદ્ય મૂકાશે)

### Meghadoota of Kalidas (Editor: Dr.Gautam Patel)

O cloud, where at midnight the moon stones hanging by strings from the ceiling, with moon beams falling on them, shine when your cover which is an imoediment is released and ooze,as if, like drops of water dispelling the bodily langour born out of sansual pleasures of the beloved, breathng deeply because of the embraces of their lovers. (75)

Where at sunrise the lovelorn women's path at night is indicated by the Mandara flowers fallen rom their trsses, by the scattered petals of the golden lotuses slipped off from their ears and by the pearls of their necklaces with strings cut off on their ample bosoms, shaking by their hurried gait.(76)

(To be continued: Two verses will be published in every issue.)